જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૮/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૬૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૩૭૦	૮૪	૬૯૪૫૪	૭૦૨૮૦	૮૬	૭૦૩૬૬
કુલ		૮૫૮૪૬	૮૪	૮૫૯૩૦	૯૪૬૭૦	૮૬	૯૪૭૫૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૨	૩,૮૬,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૦૨	૯,૦૨,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ હાલમાં ચાલી રહેલ શ્રાવણ માસના પવિત્ર તહેવારોને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના ઇ,પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૨૭/૦૮/૨૦૨૧ ના ક.૨૩/૦૦ થી ક.૨૪/૦૦ તથા તા.૨૮/૦૮/૨૦૨૧ ના ક.૦૦/૦૦ થી ક.૦૬/૦૦ વાગ્યા સુધી પો.સ્ટે વિસ્તારમાં નાઇટમાં થ્રી ગાડીમાં સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૦૨/૧૦ વાગે કૃષ્ણનગર ચાર રસ્તા ખાતે આવતા સાથેના અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " કૃષ્ણનગર પાર્થના હોસ્પીટલ ની પાછળ હરેક્રિષ્ણા એપાર્ટમેન્ટ મ.નં.સી/૦૯ માં રહેતા બહેન નામે પૂંજાબેન તારાચંદ આસવાની નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલીક સ્ત્રીઓ તથા પૂરૂષોને બોલાવી પૈસા પાના થી નાણા ની હાર જીતનો જુગાર રમે રમાડે છે.અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે. " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ મહિલા પોલીસ તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા કૃષ્ણનગર પાર્થના હોસ્પીટલ ની પાછળ હરેક્રિષ્ણા એપાર્ટમેન્ટ મ.નં.સી/૦૯ ના રહેણાંક મકાન માં રેઇડ કરી જુગાર રમતા સાત મહિલા-પૂરૂષો(આરોપીઓ)ને જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૪૮,૪૦૦/- તથા દાવના નાંણા રૂ.૧,૮૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/- મળી કુલ્લે રોકડ નાણા ૫૧,૨૦૦/- તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૬ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા બે વાહન કુલ્લે કિ.રૂ.૭૫,૦૦૦/- મળી કુલ્લે રૂ,૧,૫૬,૨૦૦/-ના મુદ્દામાલ સાથે ક.૦૪/૩૦ વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૮/૦૮/૨૦૨૧

મુદ્દામાલ:-

અંગજડતીના રોકડા નાંણા રૂ.૪૮,૪૦૦/-તથા દાવના નાંણા રૂ.૧,૮૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૫૧,૨૦૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૬ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા બે વાહન કુલ્લે કિ.રૂ.૭૫,૦૦૦/- મળી કુલ્લે રૂ,૧,૫૬,૨૦૦/- ના મુદ્દામાલ.

ચીલઝડપના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ચીલઝડપના બે આરોપીઓને રૂ.૬૦,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી નારોલ પોલીસ સ્ટેશનનો ચીલઝડપનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા અટકાવવા સારૂ આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પોસઈ ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા મસઈ અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન નારોલ સદાની ધાબી પાસે આવતાં સાથેના પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે "નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૪૮૭ /૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનામાં વપરાયેલ મરુન કલરની ટી.વી.એસ.જયુપીટર ગાડીનો ચાલક તથા તેની પાછળ એક ઈસમ બેસેલ છે. જેઓ બંને વટવા બીબી તળાવ ચાર રસ્તા તરફથી આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જનાર છે." જે બાતમી હકિકત આધારે પંચો સાથે વોચમાં રહેતાં થોડીવારમાં જ્યુપીટર ગાડી ચલાવી લઈ આરોપીઓ (૧) જહીર ઉર્ફે જરીફ જાફરભાઈ જાતે સૈયદ ઉ.વ.૪૧ ધંધો.નોકરી રહે.પી.ડબલ્યુ.ડી.ના કાચા છાપરામાં રુબિ કિરાણા સ્ટોરની ગલીમાં નરસિંહજીના મંદિર પાછળ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) ફિરોજ ઉર્ફે ડાયમંડ ફારુકભાઈ જાતે રંગરેજ ઉ.વ.૩૯ ધંધો.ટ્રાન્સપોર્ટ રહે.મ.નં.૯૦૮/૩, અફજલ બિલ્ડીંગ, અફજલખાનનો ટેકર ન્યુ કલોથ માર્કેટની સામે સારંગપુર કાગડાપીઠ અમદાવાદ શહેર નાઓ આવતાં બંનેને કોર્ડન કરી રોકી લઈ અંગઝડતી તપાસ કરતાં સોનાનુ માદળીયુ નંગ–૦૧ આશરે કિ.રૂ.૯,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ–૦૩ આશરે કિ.રૂ.૧૩૫૦૦/- તથા રોકડા નાણા રૂ.૨૫૦૦/- તથા જ્યુપીટર ગાડીની આશરે કિ.રૂ.૩૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬૦૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવતાં આરોપીઓને નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ – એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૧૪૮૭/૨૦૨૧ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનામાં અટક કરી ચીલઝડપનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૮/૦૮/૨૦૨૧



જુગારના ગુનાના આરોપીઓની અટકાયતીની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

નાઇટ પેટ્રોલીગ દરમ્યાન જુગાર રમતા ૧૦ ઇસમોને પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતો નરોડા સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ આગામી જન્માષ્ટમીના તહેવાર અનુશંધાને જુગારના કેસો કરવા સુચના કરેલ હોય જે અનુશંધાને નરોડા પો.સ્ટેના "પો.ઇન્સ.શ્રી.પી.બી.ખાંભલા" સાહેબ નાઓના માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કવોડ્ના પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સાથેના પો.કો. ધુમકેતુ આત્મારામભાઇ નાઓની બાતમી હકીકત આધારે નરોડા નરોડા ગંગોત્રી સોસાયટી માં જાહેરમાં ખુલ્લામાં, પોતાના આર્થીક ફયદા સારુ અમુક ઇસમો ગંજીપત્તાના પાના વડે પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે જે સદરી જગ્યાએ રેડ કરતાં નં.(૧) ભરત રણછોડભાઇ જાતે પુરબીયા ઉ.વ-૩૨ ધંધો-મજુરી રહે-એ/૩ ગંગોત્રી સોસાયટી નરોડા અમદાવાદ શહેર + ૯ = ૧૦ નાઓને રોકડ નાણા રૂ.૧૧,૦૦૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ કી.રૂ.૦૦/- તથા મોબાઇલ ફોન નંગ–૫ કિ.રૂ.૧૯૦૦૦ સાથે મળી કુલ્લે મુદામાલ કી.રૂ.૩૦,૦૦૦/- નો કબજે કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કલાક ૦૧/૪૫ વાગે અટક કરી કાદેસર ની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે. તા-૨૮/૦૮/૨૦૨૧

આરોપીઓના નામ -

(૧) ભરત રણછોડભાઇ જાતે પુરબીયા ઉ.વ-૩૨ ધંધો-મજુરી રહે-એ/૩ ગંગોત્રી સોસાયટી નરોડા અમદાવાદ શહેર

(૨) શંકર રણછોડભાઇ જાતે પુરબીયા ઉ.વ-૩૫ ધંધો-મજુરી રહે-એ/૩ ગંગોત્રી સોસાયટી નરોડા અમદાવાદ

(૩)નિલેષ સ/ઓ રમેશભાઇ જાતે પરમાર ઉ.વ-૨૪ ધંધો-મજુરી રહે-એ/૧૬ ગંગોત્રી સોસાયટી નરોડા પાટીયા રોડ નરોડા અમદાવાદ

(૪)મયુર સ/ઓ રમેશભાઇ જાતે પરમાર ઉ.વ-૨૪ ધંધો-મજુરી રહે-એ/૧૬ ગંગોત્રી સોસાયટી નરોડા પાટીયા રોડ નરોડા અમદાવાદ

(૫)રાહુલ સ/ઓ રાજુભાઇ જાતે સોલંકી ઉ.વ-૨૪ ધંધો-મજુરી રહે-એ/૧૧ ગંગોત્રી સોસાયટી નરોડા અમદાવાદ શહેર

(૬)સાગર સ/ઓ વસરામભાઇ જાતે પરમાર ઉ.વ-૨૩ ધંધો-નોકરી રહે-બી/૩૮ અમરદીપ પાર્ક કેનાલ રોડ નવા નરોડા અમદાવાદ

(૭) અમન સ/ઓ જયેશભાઇ જાતે સોંલકી ઉ.વ-૨૩ ધંધો-બેકાર રહે-બી/૧૦ એસ.ટી સ્ટાફ ક્વાટર્સ નરોડા પાટીયા રોડ નરોડા અમદાવાદ

(૮)સુરેશભાઇ સ/ઓ સોમાભાઇ જાતે.સોલંકી ઉ.વ-૪૫ ધંધો-બેકાર રહે-એ/૧૧ગંગોત્રી સોસાયટી નરોડા પાટીયા રોડ નરોડા અમદાવાદ

(૯) સંદિપભાઇ સ/ઓ અશોકભાઇ જાતે-વાઘેલા ઉ.વ-૨૮ ધંધો-નોકરી રહે-એ/૧૪ ગંગોત્રી સોસાયટી નરોડા અમદાવાદ શહેર

(૧૦) વિજય સ/ઓ કાશીનાથ જાતે ઝાઝે ઉ.વ-૩૧ ધંધો-નોકરી રહે- એ/૧૪ ગંગોત્રી સોસાયટી નરોડા પાટીયા રોડ નરોડા અમદાવાદ

મુદ્દામાલ –

રોકડ નાણા રૂ.૧૧,૦૦૦/- તથા મો.ફો. નંગ-૫ કિ.રૂ.૧૯,૦૦૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ કી.રૂ.૦૦/- સાથે મળી કુલ્લે મુદામાલ કી.રૂ.૩૦,૦૦૦/-

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા હે.કો.સુરેશભાઇ હરજીવનભાઇ બ.નં.૩૦૩૨ તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.દિલીપકુમાર ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો.પંકેશકુમાર ધનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો..પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પો.કો..મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૪૯૩૪ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.તથા એલ.આર.રાજપાલસિંહ કોદરસિંહ બ.નં.૧૦૧૪૫.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૯ દેશી દારૂ, ૧૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર, ૦૧ મોટર સાઇકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચારયાદીનં.૧૫૬૫/૨૦૨૧**

ઘાટલોડીયા : અજયકુમાર સુરેશભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે.પટેલવાસ નવા બળીયાદેવના મંદીરની બાજુમાં, મરઘા કેન્દ્ર પાસે, મકરબા ગામ) એ તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૦ થી તા.૧૭/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અનિલભાઇ જોષી (ધંધો-જ્યોતીષી) (રહે,દર્શન એપાર્ટમેન્ટ અનમોલ ટાવર સામે, શાસ્ત્રીનગર ઘાટલોડીયા) (૨) અનિલભાઇ જોષીની પત્નિ (જેના પુરા નામની ખબર નથી તે) અને (૩) અનિલભાઇ જોષીના ગુરૂજી નામે ધરમજી (જેના પુરા નામની ખબર નથી તે) ભેગામળી અલગ-અલગ તાંત્રીક વીધીઓ કરવાના બહાના હેઠળ ટુકડે-ટુકડે રોકડ તેમજ નેટ બેંકીંગ થી કુલ રૂપિયા ૪૩,૬૫,૯૦૦/- મેળવી લઇ અજયકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.ગામીત ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૫૬૬/૨૦૨૧**

વાડજ : ભૌમિકભાઇ અભયકુમાર જૈન (ઉ.વ.૨૮)(રહે,પંચશીલ સોસાયટી, મેટ્રો બીજ પીલ્લર નંબર-પી-૨૮૭ ની બાજુમા, ઉસ્માનપુરા જુના વાડજ) એ તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૧ સવારના ૭/૦૦ થી તા.૨૭/૦૮/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના ભાગે આવેલ બેડરૂમની બારી તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.ચૌધરી ચલાવે છે.

વેજલપુર : હમીદા વા/ઓ કાસમભાઇ સંધી (રહે.હુસૈનીપાર્ક સોસાયટી વિભાગ-૧, બરફની ફેકટરી પાસે, વિશાલા, જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી તા.૨૭/૦૮/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u> **<u>સમાચાર યાદી નં.૧૫૬૭/૨૦૨૧</u>**

શાહીબાગ : સુમનબહેન વા/ઓ રતનલાલ બજાજ (ઉ.વ.૫૧)(રહે.ઘેવર કોમ્પ્લેક્ષ, ઘેવર સર્કલ શાહીબાગ) તા.૨૭/૦૮/૨૦૨૧ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ ઘેવર સર્કલ માફીયા શો રૂમ આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) સુમનબહેનના ગળામા પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુમનબહેન બજાજે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

<u>કેનાલમાં ડુબી જતા મૃત્યુ:-</u> **<u>સમાચાર યાદી નં.૧૫૬૮/૨૦૨૧</u>**

સરખેજ : અબ્દુલસલામ મોહમંદહફીજ શેખ (ઉ.વ.૧૪) (રહે.માહેનુર રો-હાઉસ, જાબુવાલા સોસાયટી ફારૂકે આઝમ સ્કુલ પાસે, ફતેવાડી વેજલપુર) તા.૨૭/૦૮/૨૦૨૧ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની સામે આવેલ પાણીની કેનાલમાં રમતા-રમતા નહાવા માટે પડેલ અને કેનાલમાં પાણીના પ્રવાહમાં તણાઈ જઇ ડુબી જતા નરીમાનપુરા કેનાલ થી અબ્દુલસલામની લાશ મળી આવતા આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> **<u>સમાચાર યાદી નં.૧૫૬૯/૨૦૨૧</u>**

સાબરમતી : લકીશાબહેન અજીતભાઇ રાઠોડ (ઉ.વ.૧૭) (રહે.અચેર છારાનગર રબારી વસાહત પાસે, સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૧ બપોરના ૩/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હર્ષદભાઇ ચંદુભાઇ ચલાવે છે.

નિકોલ : ભુપેન્દ્રભાઇ ઘનશ્યામભાઇ કામળીયા (ઉ.વ.૪૦) (રહે.ગીતાપાર્ક સોસાયટી, નારાયણનગર વિ-૧ ખોડીયારનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૮/૨૦૨૧ સવારના ૯/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ. શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

નારોલ : વિનુ ઉર્ફે વિનોદભાઇ રાઠોડ (ઉ.વ.૫૩)(રહે.પ્રાર્થનાનગર રો-હાઉસ, રંગોલીનગરની બાજુમાં, નારોલ) એ બીમારીથી કંટાળી જઇ તા.૨૭/૦૮/૨૦૨૧ સાંજના ૬/૫૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી